# જીવનની અન્તીમ સાંજ....!

**–નીલમ દોશી**

'બસ, હવે બહુ થયું. આ જીવનનો કોઈ અર્થ નથી. કોઈને મારી પડી જ નથી. આખી જીન્દગી શું બધાંનું સાંભળ્યા જ કરવાનું અને સહન કર્યા કરવાનું ? કોઈને મારી જરુર નથી. હું તો સાવ વધારાની થઈ ગઈ છું... નક્કામી... સાવ નક્કામી બની ગઈ છું. જાણે ખાલી શીશીમાં તડકો ભરવાની રમત રમ્યા કરું છું. અર્થહીન જીન્દગીની માફક અર્થહીન રમત.... આવા જીવન કરતાં તો... અને હવે આ નીર્ણયમાં કોઈ ફેરફાર નહીં.

આમ પણ, આ ચાર દીવસ એકલી છું. આવો મોકો બીજી વાર મળે ન મળે. બસ, જેને જે માનવું હોય, જે વીચારવું હોય તે વીચારે. મર્યા પછી મને શો ફરક પડે છે ? દુનીયા આખી સ્વાર્થી છે. બે દીવસમાં બધું ભુલી જશે. દીશા હોય કે ન હોય કોને ફરક પડે છે ? મારા એક વીના દુનીયા અટકી તો નથી પડવાની. હું નહીં હોઉં ત્યારે જ બધાને મારી કીમ્મત સમજાશે.'

બધાને ખબર પાડી દેવા માટે હાથમાં ગોળીઓની આખી બૉટલ સાથે બેઠેલી દીશાની વીચારમાળા આગળ ચાલે તે પહેલાં જ બાજુમાં ટીપોય પર રહેલ ફોન રણક્યો. દીશાએ કંટાળાથી ફોન તરફ જોયું. 'આને પણ છેલ્લી ઘડીએ રણકવું છે ? નથી ઉપાડવો... હવે ઉપાડીને કામ પણ શું છે ? ભલે વાગતો... મારે હવે આ બધી બાબતો સાથે કોઈ નીસબત ખરી ?' પણ ફોન કરનાર જાણે જીદે ભરાયું હોય તેમ રણકવાનું બન્ધ જ નહોતું થતું.... કંટાળીને કે ગુસ્સાથી દીશાએ ફોન ઉપાડ્યો. 'લાવ, જોઉં તો ખરી... મારા નસીબમાં અન્તીમ વાત કોની સાથે કરવાની લખાઈ છે...'

'હલ્લો...'

'વીરલ છે ?'

'કોણ વીરલ ?'

'વીરલ... વીરલ શાહ....'

'સોરી... રોંગ નમ્બર... અહીં કોઈ વીરલ રહેતો નથી.'

'તો કોણ રહે છે ત્યાં ?'

'તમારો મતલબ ?' દીશાના અવાજમાં ગુસ્સો ભળ્યો.

'પુછવાનો અર્થ એ હતો કે આપ કોણ બોલો છો ?'

'હું વીરલ તો નથી જ બોલતી... એટલું પુરતું નથી ?'

'એ તો સમજાઈ ગયું... આ અવાજ વીરલનો નથી... પણ... પ્લીઝ કોઈ ગેરસમજ ન

કરશો. આ તો જસ્ટ તમારો અવાજ ખુબ સરસ... બહુ મીઠો લાગ્યો તેથી પુછાઈ ગયું. સોરી... કંઈ ખરાબ લાગ્યું હોય તો....' દીશાનો ગુસ્સો થોડો શાન્ત થયો. એકાદ પળ મૌન રહી તેણે જવાબ આપ્યો :

'હું દીશા બોલું છું. આઈ મીન... મારું નામ દીશા છે.'

'ઓહ....! ગ્રેટ.... જીવનમાં બધાંને ગાઈડ કરનાર... દીશા બતાવનાર.... વાહ !'

'સોરી... હું કોઈને ગાઈડ કરતી નથી.'

'અગેઈન સોરી... આઈ વોઝ જસ્ટ જોકીંગ....'

'અજાણ્યાઓ સાથે જોક કરવાની તમને આદત છે ?'

'ના, પણ તમે અજાણ્યાં લાગ્યાં જ નથી... એનું શું ?'

'વાત કરવામાં સ્માર્ટ લાગો છો.'

'ખાલી વાત કરવામાં ? હું આખ્ખો સ્માર્ટ છું.'

'તમારી જાત વીશે બહુ ઉંચી માન્યતા ધરાવતા લાગો છો.'

'પોતાની જાત વીશે માન હોવું એ મારા ખ્યાલ મુજબ કંઈ ખરાબ વાત તો નથી જ. નીજની જાતની વળી અવગણના શા માટે ?'

'લેખક છો ?'

'લેખક થવાનાં સ્વપ્નો જોઉં છું ખરો....'

'સપનાં ? હમ્મ ! ખાલી દીવાસ્વપ્નોમાં રાચો છો કે પછી મહેનત પણ કરો છો ?' દીશા અજાણપણે વાતમાં ગુંથાતી જતી હતી.

'આ અત્યારે શું કરી રહ્યો છું ? મહેનત જ ને ? દીશા નામની કોઈ સુંદર છોકરીને પટાવવાની....'

'વોટ ?' હવે દીશાના અવાજમાં ગુસ્સો ભળ્યો.

'સોરી...સોરી.... મીઠાશની સાથે તીખાશ પણ છે કે નહીં તે જરા ચકાસતો હતો. એકલી મીઠાશ બહુ સારી નહીં. ડાયાબીટીસ થઈ જાય. આમ પણ મને રોગીઓ પ્રત્યે બહુ માન નથી જ. પણ તમારે માટે વાંધો નથી. મીઠાશ... તીખાશ બંને છે તમારામાં....'

'બોલતાં... મસ્કાં મારતાં સારું આવડે છે....'

'થેન્ક્સ ફોર કૉમ્પ્લીમેન્ટ્સ... તમારા જેવી સુન્દર યુવતીઓની શુભેચ્છાઓની મહેરબાની હમ્મેશાં મારી ઉપર રહી છે.'

'હું સુન્દર છું એમ કોણે કહ્યું ?'

'યુવતીઓને હું સુન્દર જ ગણું છું. આમ પણ, સુન્દરતા તો દૃષ્ટીમાં છે... અને મારી દૃષ્ટી સુન્દર છે જ. તેથી મને વીશ્વમાં કશું અસુન્દર દેખાતું જ નથી. હું તો સીધો કવી

કલાપીનો વંશજ....' અને સામે છેડેથી ખડખડાટ હાસ્યનો અવાજ સાંભળી દીશા થોડી ખીજાઈ.

'જાતે સુન્દર બની જવાનો તમારો આ આઈડીયા સારો છે. પેલા દલા તરવાડીની વાર્તા વાંચી લાગે છે.'

'તમે બધા નાહક દલા તરવાડીને વગોવો છો.... તેણે બીચારાએ તો આપણને કેટલી બધી સગવડ કરી આપી છે.'

'ઓહ...! તમને દલા તરવાડી માટે પક્ષપાત લાગે છે.... કે પછી એના જ વંશજ છો ? એની વે.... તમારી સેન્સ ઓફ હ્યુમર સારી છે.' નહોતું હસવું તો પણ દીશાના ચહેરા પર એક મન્દ સ્મીતની લહેરખી તો ફરી જ વળી. બાકી આત્મહત્યાની અન્તીમ પળે વળી હાસ્ય કેવું ? જીવનમાં હાસ્યની પળો નીર્માણી હોત તો તો આવો વીચાર જ....

'મારી સેન્સ ઑફ હ્યુમર માટે મીત્રોને માન છે.'

'તમારા મીત્રોને હ્યુમર એટલે શું ? એ ખબર નહીં હોય.'

'કેમ તમને હ્યુમરમાં ખબર નથી પડતી ?'

'હું તમારી મીત્ર થોડી છું ?'

'નથી ? હું તો ભ્રમમાં હતો કે તમે મારા મીત્ર બની જ ગયાં છો. રોંગ નમ્બર સાથે કોઈ આટલી વાત થોડી જ કરે ?' દીશાએ ધડ દઈને ફોન કાપી નાખ્યો... સમજે છે શું એના મનમાં ? બે-પાંચ મીનીટ એમ જ પસાર થઈ. ત્યાં વળી ફોન રણક્યો. ન જાણે કેમ પણ દીશાથી આ વખતે ફોન તુરત ઉપાડાઈ ગયો. નક્કી એ જ.... ! એમ સહેલાઈથી પીછો છોડે તેમ નથી લાગતું. જરા ખખડાવવો પડશે. સમજે છે શું પોતાની જાતને ?

'હલ્લો....' દીશા સાચી હતી. સામેથી ફરી એ જ અવાજ...

'સોરી દીશાજી, મારો ઈરાદો તમને હર્ટ કરવાનો નહોતો. આ તો મને એમ કે જીવનની અન્તીમ પળે કઈ નસીબદાર વ્યક્તી સાથે વાત કરીને હું સંસારને અલવીદા કરીશ ? એ જાણવાના લોભમાં....' દીશા ચમકી. આ પણ કોઈ પોતાના જેવું સમદુખીયું છે કે શું ? નહોતું બોલવું તોયે મોમાંથી નીકળી જ ગયું.

'એટલે ? તમેય મારી જેમ.... ?' સામે છેડે એકાદ ક્ષણ મૌન...

'મારી જેમ એટલે ? તમે પણ....?'

'હા, મારી પણ આ અન્તીમ સાંજની અન્તીમ વાત છે. આપણી મુલાકાત કંઈક અનોખી નથી લાગતી ?'

'અનોખી છે જ. અન્તીમ પળના સાથીદાર નહીં ?'

'પણ તમે તો પુરુષ છો.... તમારે વળી આત્મહત્યાનું શા માટે વીચારવું પડે ?' એકાદ બે ક્ષણ મૌન પછી....

'કેમ પુરુષને કોઈ તકલીફ ન હોય એવો કોઈ નીયમ છે ?' દીશા ગુંચવાઈ.....

'ના, ના, નીયમ તો નથી.... પણ સામાન્ય રીતે આપણો સમાજ પુરુષપ્રધાન છે તેથી જે સહન કરવાનું આવે તે મોટે ભાગે સ્ત્રીઓને જ ફાળે આવે છે ને ?'

'એ તમારો ભ્રમ છે. આપણી અન્તીમ સાંજે હવે એ ભ્રમ તોડીને શું ફાયદો ? નહીંતર જરુર કહેત. જતાં પહેલાં કદાચ દીલ હળવું કરવાની એક તક... પણ ના જવા દો... અન્તીમ સાંજે દીલ હળવું થાય કે નહીં... શો ફરક પડે છે ખરું ને ?'

'હા...ના... સાવ એવું તો નહીં.... કોઈ સહૃદયી વાત સાંભળનાર મળે તો જરૂર ગમે. હસતાં હસતાં દુનીયાને અલવીદા કહેવાનું સદનસીબ બધા પાસે નથી હોતું.'

'તમે તો ફીલસુફની માફક વાત કરવા લાગ્યા....'

'અન્તીમ પળે કદાચ દરેક માનવી ફીલસુફની અવસ્થાએ આપોઆપ પહોંચી જતો હશે નહીં ?' દીશા અનાયાસે વાતોના પ્રવાહમાં ખેંચાઈ. આમ તો પોતાની વાતો સાંભળવાનો સમય કોઈની પાસે હતો જ ક્યાં ?

'બની શકે તમે સાચા હો... પણ મને તો આ પળે મોત જેવું બીજું કોઈ સુખ દેખાતું નથી.' સામે છેડેથી નીરાશ અવાજ સંભળાયો.

'ના, ના, સાવ એવું નથી... તમે તો પુરુષ થઈને પણ સાવ હીમ્મત હારી ગયા. આમ સાવ નીરાશાવાદી થવું તમને બરાબર લાગે છે ?'

'મને તો કશું જ બરાબર નથી લાગતું.... બરાબર લાગતું હોત તો મરવાનો વીચાર જ શા માટે આવત ?'

'બધું બરાબર હોય ત્યારે સૌ કોઈ જીવે... મરવું તો બહુ આસાન છે. બની શકે તમે જીવવાનો પુરતો પ્રયત્ન જ ન કર્યો હોય ?' દીશા જાણ્યે-અજાણ્યે કાઉન્સેલરની ભુમીકામાં આવી ગઈ.

'બની શકે.... બધું બની શકે.... પણ હવે એક વાર નીર્ણય લેવાઈ ગયો એમાં ફેરફાર કરવાની મને કોઈ ઈચ્છા નથી.'

'જીવનમાં કેટલીયે વાર આપણે આપણા નીર્ણય ફેરવતા નથી હોતા ? દૃષ્ટી થોડી બદલીએ... થોડા પોઝીટીવ થઈએ તો બની શકે, દુનિયા કંઈક અલગ પણ દેખાય.'

'કદાચ તમારી વાત સાચી હશે....'

'કદાચ નહીં... સો ટકા સાચી જ છે.' દીશા જાણે એક ઝનુનમાં આવી ગઈ.

'હશે..... પણ મારે હવે એવું કશું વિચારવું નથી. જીવવા માટે આટલાં બધાં સમાધાન કરવાનાં હોય... ડગલે ને પગલે આપણે જ....' સામે છેડેથી શબ્દો અધુરા જ રહ્યા.

'મુશ્કેલીઓથી હારીને રણમેદાન છોડી દેવું, એ તો કાયરતા કહેવાય...' દીશાની કાઉન્સેલરની ભુમીકા આગળ ચાલી, 'ઘણી વાર સાવ નાની વાતમાં આપણે આવેશમાં આવી જતા હોઈએ એવું પણ બને.'

‘હા, બની તો બધું શકે.... આમ તો કોઈએ કહ્યું જ કે ‘એક દરવાજો બંધ થાય ત્યારે બીજો આપોઆપ ખુલે છે. ફક્ત આપણી દૃષ્ટી જ એ ખુલ્લા દરવાજા તરફ બદલવાની જરુર હોય છે.’ હમ્બગ બધું.... અને કોઈ દોઢડાહ્યા કવીએ તો વળી ગાયું જ છે ને કે, ‘‘આગલા વળાંકે વાટ જુએ છે વસંતો.....’’ કવીઓને બીજું કામ પણ શું હોય છે ?’

‘અરે, વાહ ! તમે તો કવીતાના શોખીન લાગો છો !’

‘કવીતા ? સારું છે તમારું નામ કવીતા નથી.’

‘સમજાયું નહીં.....’

‘મને પણ પુરું ક્યાં સમજાયું છે ? આમ પણ આપણે બધી વાત સમજીને જ બોલીએ છીએ એવું થોડું છે ? સમજ્યા વીના પણ જીવનમાં કેટકેટલું થતું હોય છે... કરતા હોઈએ છીએ...’

‘તમે તો સારું એવું વાંચ્યું લાગે છે.... અભ્યાસી છો.....’

‘થેન્ક્સ ફોર કૉમ્પ્લીમેન્ટ્સ... પણ વાંચેલું બધું અમલમાં થોડું મુકી શકાય છે ? એ બધું તો પોથીમાંના રીંગણાં જેવું. બીજાને કહેવું આસાન છે. બાકી પોતાની ઉપર થોડા પ્રોબ્લેમ આવે ત્યારે પોતે બધું ભુલી જાય છે. જુઓ, કોઈ હૈયાકુટો લેખક શું કહે છે ? : ‘‘ફુલે નીસાસો નાખ્યો હાય.... મારું ઝાકળબીન્દું સુકાઈ ગયું; પણ સવાર પડી ત્યારે આસમાનનો તો આખો તારાલોક ખોવાઈ ગયો હતો..’’ લેખકોને તો ઠીક છે લખી નાખવું છે....’

‘ના, ના, સાવ એવું નથી, ઘણાં પુસ્તકોએ અનેકની દુનીયા બદલી નાખી હોય એવાં ઉદાહરણોની ખોટ નથી જ.’

‘તમારી વાત વીચારવા લાયક તો ખરી જ. અને સાચું કહું તો ક્યારેક મને એવો વીચાર પણ આવે છે કે હું તો આત્મહત્યા કરીને છુટી જઈશ. મારે તો પછી કંઈ જોવાનું રહેતું નથી.... પણ એટલો સ્વાર્થી હું થઈ શકું ? કદાચ આપણા જવાથી દુનીયાને ખાસ કોઈ ફરક ન પડે પણ એકાદ-બે વ્યક્તી તો ક્યાંક હોવાની જ જેમને આપણા જવાથી ખરેખર દુઃખ થાય. અને તેથી જ આટલા સમય સુધી વીચારતો હતો.’

‘તે વીચારી વીચારીને અન્તે તો આવું નેગેટીવ જ વીચાર્યું ને ?’

‘શું કરું ? આદત સે મજબુર....’

‘ના, ના, એમ કહીને છુટી જવાનો આપણને કોઈ હક્ક નથી. આપણી અત્યાર સુધીની જીન્દગીમાં કેટલાયે લોકોનો ફાળો હશે જ. માતા-પીતા, સગાં-વહાલાંઓ. મીત્રો.... કોઈક તો હશે જ જેમણે આપણા માટે....’ બોલતાં બોલતાં દીશા અચાનક અટકી ગઈ. પોતે આમ વાતોના પ્રવાહમાં આવીને કોઈ અપરીચીત વ્યક્તી સાથે આ બધું શું બોલી રહી છે ? અને એ પણ ક્યારે ? જ્યારે પોતે પણ મરવાનું નક્કી કરી લીધું છે. આ ક્ષણે આવી કોઈ દલીલો પોતાને શોભે ખરી ? પણ ના, પોતાની દલીલોથી કોઈનું જીવન બચી શકતું હોય તો... જતાં

જતાં એક સત્કાર્ય...

'કેમ, તમે પણ બોલતાં બંધ થઈ ગયાં ને ? પોતાની વાત આવે એટલે બધા આમ જ કરે. બીજાને ઉપદેશ આપવો કે મોટી મોટી વાતો કરવી જ આસાન છે. અમલ આસાન થોડો જ છે ? અને હું જાણું છું કે હવે તમે આવું જ કશું લેક્ચર કરશો કે 'જીવન અણમોલ છે. અરે, સમાજમાં આપણાથી વધારે દુઃખી અગણીત લોકો છે... તેમના તરફ દૃષ્ટી રાખીએ ત્યારે જ સમજાય કે ઈશ્વરે આપણને કેટલું આપ્યું છે.... !' આવું જ કંઈક કહેવું છે ને તમારે ? અરે, મેડમ.... આવું ઘણુંબધું હું સાંભળી ચુક્યો છું... અને મને હવે એની કોઈ અસર નથી થતી.'

દિશાને થોડો ગુસ્સો ચડ્યો. બધું જાણવા છતાં જેને સમજવું જ નથી, એને કોણ સમજાવી શકે ? છતાં... જાણ્યા પછી કોઈને આમ મરવા થોડા દેવાય ? જીન્દગી કંઈ આમ ફેંકી દેવા માટે થોડી જ છે ?

'જુઓ મીસ્ટર, તમે જે હો તે... પણ... લેટ મી ટેલ યુ વન થીંગ... તમે નીર્ણય ભલે કરી લીધો પણ એક કામ કરો... તમે વધારે નહીં તો એક દીવસ માટે તમારો આ વીચાર મુલતવી રાખી ન શકો ? આત્મહત્યા કરવી જ હોય તો આવતી કાલે કરો તો પણ ચાલે ને ?'

'એક દીવસમાં શો ફરક પડી જવાનો ?'

'એ તો મને પણ નથી ખબર.... પણ કદાચ તમે આ પગલું કોઈ ક્ષણીક આવેશમાં લીધું હોય.... બની શકે આવતી કાલનો સુરજ તમારે માટે કોઈ શુભ સંદેશ લઈને પણ ઉગે.... તમારાં કારણોની તો મને જાણ નથી... પણ બની શકે કાલે તમને જીન્દગી જીવવાલાયક પણ લાગે.... તમે જ કહ્યું તેમ આગલા વળાંકે કોઈ વસંત તમારી પ્રતીક્ષામાં....'

'દલીલ પુરતી તમારી વાત સાચી છે. લોકોને સમજાવતાં તમને સારું આવડે છે. તમે એક કામ કરો ને... એક કાઉન્સેલીંગ સર્વીસ ખોલી નાખો.... સારી ચાલશે.'

'તમારી ઉપર મારા કાઉન્સેલીંગની કોઈ અસર થતી નથી તો મારી સર્વીસ સારી ચાલશે એમ કેમ કહી શકાય ?'

'કોણે કહ્યું ? અસર નથી થઈ ?'

'એટલે ? તમે...તમે મારી વાત સ્વીકારી ?' પોતે ઉત્સાહમાં કેમ આવી ગઈ તે દીશાને સમજાયું નહીં.

'આ પળે તો લાગે છે એક વધુ દીવસ રાહ જોવાનું તમારું સુચન કંઈ ખોટું તો નથી જ. વીચારવાલાયક તો ખરું જ.'

'ફક્ત વીચારવા લાયક જ નહીં. અમલમાં મુકવા લાયક પણ ખરું જ.' દીશાએ ભારપુર્વક પોતાની વાત દોહરાવી.

'ઓકે... મેડમ... તમે જીત્યાં... અને હું હાર્યો.... તમારી વાત સ્વીકારી હું આજનો દીવસ... ફક્ત આજનો જ દીવસ મારો મરવાનો કાર્યક્રમ મુલતવી રાખું છું. બની શકે આપ મારા માટે

ખરા અર્થમાં દીશાસુચક બનો.... ખુબ ખુબ આભાર.... સો નાઈસ ઓફ યુ....' અને રોંગ નંબર કપાઈ ગયો.

દીશાના કાનમાં પોતાના શબ્દો જ પડઘાઈ રહ્યા.... બે-પાંચ મીનીટ મૌન પસાર થઈ ગઈ. તેના મનમાં આખી વાતચીત પડઘાતી રહી. થોડી વારે તેણે હાથમાં રહેલી ગોળીઓની બૉટલનો ઘા કર્યો. બરાબર તે જ વખતે પેલો 'રોંગ નમ્બર' ખુશખુશાલ થતો પીક્ચર જોવા જતો હતો. બાજુમાં બેઠેલો તેનો મીત્ર પુછતો હતો :

'શું હતું આ બધું ? આ આત્મહત્યાની વાતો કોની સાથે કરતો હતો ?...'

'હું જરા જોક કરવાના મુડમાં હતો. અને સામે સાચેસાચ કોઈ દીશા નામની સ્ત્રી હતી... આત્મહત્યા કરવાના વીચારોમાં અટવાયેલી હતી. મેં મારી સાઈકોલૉજી કામે લગાડી. બની શકે કે તેણે મરવાનો તેનો વીચાર પડતો મુક્યો હોય...' અને રોંગ નમ્બરે ખુશ થઈ મોઢેથી વ્હીસલ વગાડી...

## -નીલમ દોશી

નેટજગત સાથે જેમનો નાતો છે તેવા વાચકોમાંથી નીલમબહેનના નામથી ભાગ્યે જ કોઈ અજાણ હશે. લેખીકા બહેન નીલમ દોશીના પુરા પરીચય માટે, તેમની પ્રકાશીત રચનાઓ વીશે, અત્યાર સુધીમાં પ્રકાશીત થયેલાં તેમનાં પુસ્તકો વીશે વીગતપુર્ણ માહીતી મેળવવા, એમના પ્રસીદ્ધ બ્લોગની http://paramujas.wordpress.com/about/ મુલાકાત લેવા વીનન્તી..ઉત્તમ ગજ્જર..

સર્જક–સમ્પર્ક :

Address: Harish Doshi, Bunglow E/2 , Paeadeep Phosphate Ltd., P.P.L.Township, BHUVANESHWAR, Pin code : 754 145, Dist: Jagatsinghpur, ORISSA-INDIA

ઈ–મેઈલ : nilamhdoshi@yahoo.com ; મોબાઈલ ફોન નંબર – 95561 46535

♦●♦

'સન્ડે ઈ-મહેફીલ' - વર્ષઃ સાતમું - અંકઃ 237 – February 12, 2012

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

More than 1,21,50,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com
More than 10,73,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com
More than 2,26,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

@@@@@@@